ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



વિશ્વ સંગીત દિવસ - ગાંધીનગરની જાણીતી કલાસંસ્થા શિવરંજની દ્વારા શુક્રવારે વહેલી સવારે વિશ્વ સંગીત દિવસ નિમિત્તે ગાંધીનગરના સંગીત સર્કલ પર ભાવાત્મક ઉજવણી કરાઈ હતી. સંગીત જીવનનું અનિવાર્ય અંગ છે... સાંસ્કૃતિક ચેતના પ્રગટાવતા સંગીતના વિવિધ સ્વરૂપો અભિવ્યક્ત કરી અનોખી ઉજવણી કરાઈ હતી. પોલીસ બેન્ડ, લોકસંગીત, શહેનાઈવાદન અને સુગમસંગીત જેવા વૈવિધ્યપૂર્ણ સંગીતના કાર્યક્રમો યોજી શિવરંજનીએ ગાંધીનગરના સંગીતપ્રેમીઓની અનોખી સેવા કરી હતી.

# જયઅંબે પરિવારના યાત્રાળુઓ આજે ગાંધીનગર પહોંચશે

## જય અંબે પરિવારને પરિવારનાં જ સભ્ય જેવા સ્વજનને ખોયાનું દુઃખ અને હેમખેમ ઘરે પહોંચ્યાનો હર્ષ : મોટા બાર સમાજના સભ્યો રવિવારે ઘરે આવી જશે : ગૌરીકુંડ નજીક ઢોળાવમાં ફસાયેલા એક પરીવાર સુધી હજુ બચાવ કામગીરી કરતી ફોર્સ પહોંચી શકી નથી : શહેરના ઈ.એન.ટી. સર્જન પણ જન્મોત્રીમાં ફસાયેલા છે

ગાંધીનગર, તા. ૨૧

ઉત્તરાખંડમાં જળ પ્રલયથી થયેલી તબાહી અને તેના કારણે એક આશંકા મુજબ હજારો યાત્રીકોના થયેલા મૃત્યુના સમાચારે દરેક વ્યક્તિને હલબલાવી મુક્યા છે. ધીરે ધીરે મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. અને બીજી બાજુ હજુ સુધી સંપર્ક વિહોણા રહેલા યાત્રીકોના પરિવારજનોની સ્થિતિ પણ કફોડી બની છે. યાત્રાએ ગયેલા પોતાના સ્વજન કેવી સ્થિતિમાં હશે ? તે કયા સ્થળ પર હશે ? બચાવ કામગીરી કરી રહેલી ફોર્સ તેમના સુધી પહોંચી તો હશે ને ? આવા પ્રશ્નો પળેપળ પરિવારજનોને ઉદ્‌ભવી રહ્યા છે. જેમના સ્વજનો યાત્રાએ ગયા છે પરંતુ છ-છ દિવસ થઈ ગયા બાદ પણ તેમનો સંપર્ક થઈ શક્યો નથી. કે પોતે કેવી હાલતમાં છે તેનો એક ફોન સુદ્ધા આવ્યો નથી. તારાજી સર્જાવી મુકનાર આ જળપ્રલયથી અસરગ્રસ્તો પર ભારે સદમો પહોંચ્યો છે.

ગાંધીનગર શહેરના જય અંબે પરિવારના ૨૬ યાત્રીકો આજે બપોરે અઢી વાગ્યાની ટ્રેનમાં બેસીને ગાંધીનગર આવવા માટે નીકળી ગયા છે. આવતીકાલે શનિવારે બપોરે અંદાજે ૩ વાગ્યાના અરસામાં ટ્રેન ગાંધીનગર આવી પહોંચશે. ફસાયેલા મોટા બાર સમાજના સભ્યો આવતીકાલે શનિવારે ટ્રેનમાં નીકળશે જે તમામ રવિવારે ગાંધીનગર પહોંચી જશે. તેમ જાણવા મળ્યું છે. ગાંધીનગરનાં જાણીતા ઈ.એન.ટી. સર્જન ડૉ. ગીરીશ શાહ તેમના પરિવાર સાથે યાત્રાએ ગયા હતા. તેઓ પણ જન્મોત્રી તિર્થસ્થાન પર ફસાયેલા હોવાની વિગતો સાંપડી છે. મળતી વિગતો મુજબ તેઓ પણ સલામત સ્થળે છે. તે ઉપરાંત કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલના મોટાભાઈના વેવાઈ પક્ષનું પરિવાર પણ કેદારનાથ નજીક ખરાબ રીતે ફસાયેલુ છે. કેદારનાથના ગૌરીકુંડથી ૪૦૦ મીટર નીચે એક ઢોળાવમાં આ પરિવાર ફસાયેલું છે. હજુ સુધી તે સ્થળે જવાનો રસ્તો પણ મળતો નથી કે કોઈ બચાવ કામગીરી કરતી ટીમ પણ ત્યાં સુધી હજુ પહોંચી શકી નથી. આ પરિવારના દરેક સભ્યોની તબીયત પણ લથડી ગઈ હોવાની પરિવારજનો અને સ્નેહીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જો કે તેમને બચાવવા માટેના પ્રયત્નો ચાલી રહ્યા છે. ૨૨મી જૂને શનિવારે સવારે ૯ વાગ્યે બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ અને તેમની ટીમ કેદારનાથ ખાતે અસરગ્રસ્તોની સહાય માટે ફુડ પેકેટ, દવાઓ અને

● અનુસંધાન પાન-૭

# આવતીકાલથી મતદારયાદી સુધારણા માટે વિશેષ ઝુંબેશ

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૨૩મીથી જિલ્લામાં લોકસભાની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી મતદારયાદી સુધારણાની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

આ વિશેષ ઝુંબેશ દરમ્યાન બુથ લેવલ ઓફિસર ઘરે ઘરે જઈ મતદાર સ્લીપનું વિતરણ કરશે એટલુ જ નહિ પંચ દ્વારા આપવામાં આવેલ મતદાર રજીસ્ટરમાં તેની નોંધ પણ કરશે. ૧-૧-૨૦૧૩ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા તમામ મતદારોને આવરી લેવાનું લક્ષ્યાંક આ ઝુંબેશનું છે.

મતદારયાદીની આ સુધારણા ઝુંબેશ દરમ્યાન જો મતદારનો ફોટો મતદારયાદીમાં ખોટો છપાયો હોય તો નવો ફોટો મેળવી લેવાનો રહેશે. આ ઉપરાંત ૧૦ કરતાં વધુ મતદારો જો એક મકાનમાં રહેતા હોય તો તેમની પણ ચકાસણી કરી મતદાર રજીસ્ટર્ડમાં નોંધ કરવાની રહેશે. આ ઉપરાંત ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા હોય તેવા મતદારોની ખરાઈ પણ આ ઝુંબેશ દરમ્યાન કરવાની રહેશે.

જે મતદારોના ફોટા મેળવવાના બાકી હોય તે પણ મેળવી લેવાના રહેશે. પંચ દ્વારા લોકસભા પૂર્વે ૧૦૦ ટકા ફોટાવાળી મતદારયાદીઓ તૈયાર કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં માણસા વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદી ૧૦૦ ટકા ફોટો ધરાવતી યાદી છે.

૧-૯-૨૦૧૩ સુધી ચાલનારી આ સતત મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન દર રવિવારે જે તે મતદાન મથક પર બુથ લેવલ ઓફિસર હાજરી આપશે અને નવા નામની નોંધણીના તેમજ સ્થળાંતર કરી ગયેલા મતદારોના ફોર્મ સ્વીકારશે.

આ ઝુંબેશમાં મહિલા મતદારો જે લગ્ન કરી સાસરે ગયા હોય તેમના નામ અંગે પણ ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત ૨૧ વર્ષ કે તેથી વધુ વયના નવા મતદાર પાસે ફોર્મ નં. ૬નું કોલમ ૪ ફરજીયાત રીતે ભરાવવાનું રહેશે.

મતદારયાદી શુદ્ધ અને ક્ષતિરહિત બની રહે તે માટે પંચે અત્યારથી આ અંગેની કવાયત હાથ ધરી છે. આ મતદારયાદી સુધારણા દરમ્યાન બુથદીઠ વસ્તીની વિગતો પણ અલગથી તૈયાર કરવામાં આવશે.

# સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટનું કામ વિલંબમાં

## બીજા તબકકાના કામને બે મહીનાથી વહીવટી મંજુરી મળી નથી : દરખાસ્ત નાણા વિભાગમાં પડી છે

ગાંધીનગર, તા. ૨૧

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કના પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. પરંતુ ફેઈઝ-૨ના ડ્રીમ પ્રોજેકટ અન્વયે વિભાગ સમક્ષ રજૂ કરાયેલી દરખાસ્ત નાણાં વિભાગમાં છેલ્લા બે મહિનાથી પેન્ડીંગ છે જેના પરિણામે ડ્રીમ પ્રોજેકટનું કામ વિલંબમાં પડયું છે.

ગાંધીનગરની આગવી ઓળખ સમાન સ્વર્ણિમ પાર્કના મહત્વાકાંક્ષી પ્રોજેકટની આગળની કામગીરી અટવાઈ છે. સ્વર્ણિમ પાર્કના પ્રથમ તબક્કાનું મોટાભાગનું કામ પૂર્ણ થવાના આરે છે. ગ-૪ થી ઘ-૪ સુધીના બેલ્ટમાં પાર્કને નિખારવા અનેક આકર્ષણો ઉભા કરાયા છે. રસ્તા, વોક વે, ફૂડકોર્ટ ઉપરાંત હરિયાળી લોન સાથે પ્લાન્ટેશન પણ કરવામાં આવ્યું છે. પાર્કમાં સહેલાણીઓ માટે સીટીંગ અમ્બ્રેલા પણ મુકવામાં



આવી છે. સ્વર્ણિમ પાર્કના પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણતાના આરે હોવાથી પાર્કની યોજનાને આગળ ધપાવવા બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી વિવિધ ડીઝાઈન પણ તૈયાર કરી દેવાઈ છે. આ મામલે અગાઉ ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન પણ કરી દેવાયું છે. બીજા તબક્કાની કામગીરી અન્વયે પાર્કમાં મહાનુભાવોના સ્ટેચ્યુઝ મુકવા ઉપરાંત વોટરબોડીનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ દ્વારા રૂ. ૩૯ કરોડની દરખાસ્ત વહીવટી મંજુરી અર્થે વિભાગને સુપ્રત કરવામાં આવી છે. પરંતુ દરખાસ્તને મંજુરી ન અપાતા ડ્રીમ પ્રોજેકટનું કામ વિલંબમાં પડયું છે.

# મુખ્યમંત્રી મોદી ઉત્તરાખંડ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨૧

ઉત્તરાખંડમાં આવેલ પુરના કારણે અસરગ્રસ્ત થયેલ ગુજરાતના પ્રવાસીઓ અને પુરગ્રસ્ત વિસ્તારોની વિગતો મેળવવા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ઉત્તરાખંડ પહોંચ્યા છે.

## આજે કેદારનાથ જઈ પરિસ્થિતિનો તાગ મેળવશે

ઉત્તરાખંડમાં થોડા દિવસ અગાઉ વાદળ ફાટતાં થયેલા ભારે વરસાદને કારણે ચાર ધામ યાત્રાએ ગયેલા હજ્જારો લોકો ફસાઈ જવા પામ્યા હતા. ભારે પુરના કારણે રૂદ્રપ્રયાગ, કેદારનાથમાં ભારે વિનાશ સર્જાવા પામ્યો હતો. આ વિનાસક પુરના કારણે અનેક લોકો સંપર્ક વિહોણા બન્યા હતા તો ૧૦૦થી વધુ લોકોના તણાઈ જવાને કારણે મૃત્યુ નિપજ્યા હતા.

ચાર ધામની યાત્રાએ ગયેલા ગુજરાતના અંદાજે ચાર થી પાંચ હજાર પ્રવાસીઓ ફસાઈ જવા પામ્યા હતા. ફસાયેલ ગુજરાતી પ્રવાસીઓનો સંપર્ક કરીને ગુજરાત પરત લાવવાની વ્યવસ્થા માટે અને મદદ કરવા સાત સનદી અધિકારીઓની એક ટીમ ઉત્તરાખંડ મોકલવામાં આવી છે.

ઉત્તરાખંડમાં પુરના કારણે ઉભી થયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે દહેરાદુન પહોંચ્યા હતા. આવતીકાલે તેઓ હેલીકોપ્ટર દ્વારા કેદારનાથ ખાતે જઈને હવાઈ નિરીક્ષણ કરીને પુરથી અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરીને જાત માહિતી મેળવશે. આ ઉપરાંત કયા કયા સ્થળોએ હજુ ગુજરાતી પ્રવાસીઓ ફસાયેલા છે અને તેમને રાહત બચાવ કામગીરી કરીને સલામત સ્થળે ખસેડવા અને ગુજરાત પરત લાવવા માટેની વ્યવસ્થા અંગેની પણ વિગતો મેળવીનો ગુજરાતના સનદી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચના આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# યાત્રીકોને ગુજરાત પરત લાવવા ગુજરાત સરકારે બે વિમાનો મોકલ્યા

ગાંધીનગર, તા. ૨૧

ઉત્તરાખંડમાં ફસાયેલા ગુજરાતી યાત્રીકોને પરત લાવવા માટે ગુજરાત સરકાર દ્વારા બે ખાનગી વિમાનોની સુવિધા પુરી પાડવાનો નિર્ણય કર્યો છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉત્તરાખંડમાં ચાર ધામની યાત્રાએ ગયેલા ગુજરાતી યાત્રીકો પુરમાં ફસાઈ જવા પામ્યા છે. આ યાત્રીકોને ગુજરાત પરત લાવવા માટે ગુજરાત સરકાર દ્વારા એક ૬૦ બેઠકોની ક્ષમતાવાળુ અને એક ૧૩૦ બેઠકોની ક્ષમતા વાળુ ખાનગી વિમાન ઉત્તરાખંડ મોકલવામાં આવશે.

૭૦ બેઠકોની ક્ષમતાવાળુ એક વિમાન આજે સાંજે ઉત્તરાખંડ જવા રવાના થશે અને આવતીકાલે ૧૩૦ બેઠકોની ક્ષમતાવાળુ વિમાન જશે. આ વિમાનોમાં બાળકો અને મહિલાઓને ગુજરાત પરત લાવવામાં આવશે.

આ ઉપરાંત અમદાવાદથી ચાર સ્લીપર કોચ અને ૧૬ જનરલ કોચવાળી એક ટ્રેનની અને ૨૦ જેટલી બસોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.



હેમખેમ આગમન - ચારધામની યાત્રા દરમિયાન કેદારનાથ ખાતે દુર્ઘટનામાં પાંચ હજારથી વધુ ગુજરાતી પરિવારો ફસાયાના અહેવાલના પગલે સમગ્ર ગુજરાત ચિંતાગ્રસ્ત બન્યું છે. શુક્રવારે બપોરે હરદ્વારથી પ્રથમ ટુકડી અમદાવાદ આવી પહોંચતા યાત્રાળુઓએ હાશકારો અનુભવ્યો હતો અને પરિવારજનોએ હર્ષ વ્યક્ત કર્યો હતો. અમદાવાદ સ્ટેશને સર્જાયેલા ભાવસભર દૃશ્ય...

# આલમપુરની ફેક્ટરીમાંથી લોખંડ ચોરી જનાર સિક્યુરીટી ગાર્ડ જ નિકળ્યો

## ઈકો ગ્રીન ફેક્ટરીમાંથી લોખંડની પાટ ચોરાઈ હતી : આરોપી ગાર્ડની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક આવેલા આલનપુર ગામની સીમમાં સ્થિત એક ફેક્ટરીમાંથી લોખંડની ગડર (પાટ) ચોરાઈ હતી. આ ચોરી કરનાર વ્યક્તિ ફેક્ટરીનો જ સિક્યુરીટી ગાર્ડ હોવાનું બહાર આવ્યું છે. ચિલોડા પોલીસે ગાર્ડની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ગ્રીનસીટી વિસ્તારમાં રહેતા

● અનુસંધાન પાન-૭ પર

# વાવોલ-ઉવારસદ માર્ગનું કામ અધુરૂ


ગાંધીનગર, તા. ૨૧

વાવોલ-ઉવારસદ માર્ગનું કામ હજુ પૂર્ણ ન થતા રોજબરોજ ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. વાવોલથી થયો છે.

શહેરી વિસ્તારના માર્ગોના નવીનીકરણની સાથે જિલ્લાને જોડતા રસ્તાઓ માટે પણ તબક્કાવાર

## ભારે વાહનોની અવર જવરના લીધે ચક્કાજામ

આ માર્ગને જોડતા રોડના એક નાના ભાગમાં કામ ચાલી રહ્યું છે. અત્યંત મંદગતિએ ચાલતી આ કામગીરીના લીધે ડાયવર્ટ થતા ટ્રાફીકને સાંકડું ફાટક પણ અવરોધરૂપ બનતા રાહદારીઓ માટે શિરદર્દ ઉભો કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ જિલ્લાને જોડતા માર્ગોમાં કેટલાક ઠેકાણે પૂર્ણતા ન જળવાતા ટ્રાફિકને લગતી સમસ્યાઓ મંડરાઈ છે. છેલ્લા ઘણા સમયથી ઉબડ ખાબડ વાવોલ ઉવારસદ માર્ગને નવા વાઘા પહેરાવવા અગાઉ તંત્ર દ્વારા કરોડોના ખર્ચે આ માર્ગનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ આ કામગીરીના અંતે પણ વાવોલથી શરૂ થતા આ માર્ગના પ્રારંભે કેટલાક ભાગમાં માર્ગ નવીનીકરણની કામગીરી બાકી રહી જતા હાલ ટ્રાફિકની દૃષ્ટિએ શિરદર્દ સમાન સ્થિતિ ઉદભવી છે. આ ભાગમાં હાલ રસ્તાનું કામ ચાલુ છે પરંતુ મંદ ગતિએ ચાલતી કામગીરીના લીધે રોજબરોજ ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. માર્ગનું બાકી કામ ચાલુ હોવાથી ટ્રાફીકને ડાયવર્ટ કરવો પડે છે જયારે માર્ગ વચાળે આવતા સાંકડા ફાટકના લીધે વાહનચાલકોએ પારવાર હાલાકી ભોગવવી પડે છે. આ કામગીરી ત્વરિત પૂર્ણ કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.







SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com